# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૭૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી                                                   તા. ૨૦-૦૭-૨૦૨૨

- **ભારતનો કોલસો કાળો અને વિદેશનો કોલસો રુપાળો ? – મનહર પટેલ**
- **ભાજપાના આત્મનિર્ભરના મસીહા સરકારનો ભવ્યાતિ ભવ્ય નિર્ણય, દેશી નહી વિદેશી કોલસાથી વિજળી ઉત્પન્ન કરો. મનહર પટેલ**
- **મોદી સરકારનો રાજય સરકારોને હુકમ ભઈબંધનો કોલસો ખરીદો - મનહર પટેલ**

દુનિયાની એક માત્ર સૌથી મોટી કોલસાની ભારત સરકારની કંપની “COAL INDIA LIMITED” ૧૯૭૫ સ્થાપવામા આવી, જે ૮ રાજયોમા ૮૪ ખાણોનો વિસ્તાર ધરાવે છે તેમા ૩૧૮ ખાણોમા ૨,૪૮,૫૫૦ કર્મચારીઓ કામ કરે છે, ભારત સરકારની આ કંપનીમા ૨૧ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ, ૧૯ વર્કશોપ, ૭૯ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર અને IICM (ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ કોલ મેનેજમેન્ટ) છે.

આ વિશાળ માળખુ ઉભુ કરવા માટે કોંગ્રેસની એ ધરોહરેને કોટી કોટી પ્રણામ... આઝાદીના ૭૦ વર્ષથી રાજયોની તમામ સરકારોને વિજળી ઉત્પાદનના થર્મલ પાવર સ્ટેશનોને માટે ભારત સરકારની કોલ ઈન્ડીયા કંપની આજે ૩૦૦૦/- રુપિયે પ્રતિ ટન કોલસાનો પુરવઠો પુરો પાડે છે, અને તેને લઈને દેશની જનતાને સસ્તી વિજળી મળી રહી છે.

આવા સમયે અચાનક દેશમા એવી વાતો બહાર આવી કે દેશમા કોલસાની તંગી વરતાઈ રહી છે, અને વિજળી ઉત્પાદન માટે કોલસો હવે વિદેશથી મોંઘા ભાવે આયાત કરવો પડશે. કોણે આવી અફવા ફેલાવી હતી ? અને અફવાથી કોને ફાયદો ?

કેન્દ્ર સરકાર પાસે દેશની જનતા જવાબ માંગે છે ..

કેન્દ્ર સરકારના ઉર્જા મંત્રીએ ૭ ડીસે ૨૦૨૧ ના રોજ તમામ રાજ્ય સરકારના ઉર્જા મંત્રીઓની મિટીંગ બોલાવી તેમને હુકમ કરેલ કે તમારી જરુરીયાતનો ૧૦ % કોલસાનો જથ્થો વિદેશથી એટલે કે અદાણી કંપની પાસેથી ફરજીયાત મંગાવવાનો રહે છે. અને નહી મંગાવો તો કોલ ઈન્ડીયાનો કોલસો બંધ કરી દેવામા આવશે. સરકારોએ કહ્યુ દેશની કોલ ઈન્ડિયા લી. સરકારી કંપનીનો ૩૦૦૦/- રુપિયામા મળે છે જે સસ્તો કોલસો છે, તો વિદેશથી ૩૦,૦૦૦/- મા મળતો મોંઘો કોલસો શા માટે ખરીદવાનો ? આ મોદી સરકારની ખુલ્લી ધમકી નથી ? અનેક રાજ્યો સહમત ન થયા તો આંધ્ર પ્રદેશ જેવા રાજયે ટેન્ડર કેન્સલ કર્યુ.

૨૮ મે ૨૦૨૨ ના રોજ બીજો આદેશ કાર્યો.....કે કોલ ઈન્ડીયા લીમીટેડ કંપની વિદેશથી કોલસો આયાત કરશે અને રાજયોને કોલ ઈન્ડીયા લીમિટેડ સપ્લાય કરશે. મતલબ કોલસાનો ઓર્ડર અદાણી એન્ટરપ્રાઈસને મળ્યો અને તેનો ભાવ નક્કિ થયો ૧૭૦૦૦/- @ પોર્ટ અને પોર્ટ પરથી ઉપાડવાનો ખર્ચ રાજયોએ ભોગવવાનો રહેશે, એટલે રાજ્યોને આ કોલસો કેટલામા પડશે ? એ જરા સરકાર જણાવે ?

ભાગ્યવાન મિત્રોના લાભાર્થે દેશની સરકાર કામ કરી રહી છે તેનો ઉજળો દાખલો આથી મોટો કયો હોય શકે ? જનતાને મોંઘી વિજળીનો ભાર આપવાનો આ એક કારસો છે, જેનો અનુભવ દેશની રાજ્ય સરકારો અને જનતાને થઈ ગયો છે. અને એ પણ સ્પષ્ટ થઈ ગયુ કે વર્ષ પહેલા દેશમા કોલસાની કૃત્રિમ તંગીની અફવાનો ફેલાવવાનુ કારસ્તાન કોનુ હતુ. પરંતુ વાસ્તવિકતા એ છે કે કોલસાની તંગીની આ દેશમા ન હતી કે ન છે, તેના તથ્યો જાણવા કોલ ઈન્ડીયાની વેબ સાઈટમા તપાસ કરતા ખ્યાલ આવે છે કે કોલસાનુ ઉત્પાદન જુન ૨૦૨૨ મા ૩૨.૫૭ % વધ્યુ છે. એટલે દેશમા કોલસાની કૃત્રિમ તંગીની અફવા એ ષડયંત્રનો ભાગ હતો એ સાબિત કરે છે.

ઉતર પ્રદેશની યોગી સરકારે સિંહની તાકાત બતાવી અને ૨૦ મી મે ૨૦૨૨ ના રોજ જણાવ્યુ કે જ્યા સુધી અમારી ભાજપાની સરકાર છે ત્યા સુધી જનતાને મોંઘી વિજળી નહી ખરીદવા દઈએ, એટલે વિદેશનો અદાણીનો મોંઘો કોલસો ઉત્તર પ્રદેશની સરકાર નહી ખરીદવાનુ નક્કી કર્યુ, અમે તેમના સાહસને બિરદાવ્યુ પરંતુ આ સાહસની હવા ૧૨ મી જુલાઈ ૨૦૨૨ એ નિકળી ગઈ અને યોગી સરકાર પાણીમા બેસી ગઈ અને કહ્યુ કે અમે અદાણીનો મોંઘો વિદેશથી ખરીદશુ.

ટુંકમા કોલસાની તંગીની અફવા અને રાજ્ય સરકારોને અદાણીનો આયાતી મોંઘો કોલસો ખરીદવાના દબાણના આદેશ એમા જ કેન્દ્ર સરકારના લાભાર્થી મિત્રો પરની કૃપા છે, એટલે દેશમા સસ્તો કોલસો પુષ્કળ પ્રમાણમા ઉપલબ્ધ છે છતાં રાજ્ય સરકારોને વિદેશથી અદાણી એન્ટર.નો મોંઘો કોલસો ખરીદવાની કેન્દ્રીય ઉર્જા મંત્રીના ધમકી ભર્યા શબ્દો દેશની જનતા માટે આંખ ખોલનાર છે. અને ખુબ નજીકના સમયમા વિજળીમા પ્રતિ યુનિટ ૧ થી ૨ રુપિયાનો વધારો આવી રહ્યો છે.

એટલે દેશના તમામ રાજયોને ભારત સરકારની કંપની જે કોલ ઈન્ડીયા લી નો સસ્તો કોલસો નહી પરંતુ અદાણીનો મોંઘો કોલસો ખરીદવાનુ ફરજીયાત બનશે. કેન્દ્ર સરકાર જવાબ આપે શુ કોલ ઈન્ડીયાનો કોલસો કાળો અને અદાણીનો કોલસો રુપાળો છે ?

મનહર પટેલ
મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ